ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના ૧૮૬૩

નવસારી-વલસાડ-વાપી

વાતાવરણ
	મહત્તમ	લઘુત્તમ
નવસારી	૩૨.૦° સે.	૧૬.૦° સે.
આહવા	૩૩.૦° સે.	૧૫.૦° સે.
વલસાડ	૩૩.૦° સે.	૧૭.૦° સે.
વાપી	૩૩.૦° સે.	૧૭.૦° સે.

૪ | શનિવાર ૨૧ નવેમ્બર, ૨૦૨૬

જલાલપોરમાં 32 ગામમાં મહિલા સરપંચ

૬૪ ગ્રામ પંચાયતનું અનામત રોટેશન જાહેર થતાં રાજકીય વર્તુળોમાં દોડધામ



નવસારી : જલાલપોર તાલુકામાં ગ્રામ પંચાયતની આગામી સામાન્ય ચૂંટણીઓનો માહોલ અત્યારથી જ જામવા લાગ્યો છે. તાલુકાની ૬૪ ગ્રામ પંચાયતોમાં સરપંચ પદ માટે કઈ બેઠક અનામત રહેશે તે અંગેની લાંબા સમયથી ચાલી રહેલી ઉત્સુકતાનો અંત આવ્યો છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અનામત બેઠકોનું રોટેશન જાહેર કરી દેવાતા હવે અનેક ગામોમાં ચૂંટણી લડવા થનગનતા દાવેદારોની રાજકીય ગણતરીઓ બદલાઈ ગઈ છે.

જાહેર કરાયેલી યાદી મુજબ તાલુકાની કુલ ૬૪ ગ્રામ પંચાયતો પૈકી ૩૨ સરપંચ પદ મહિલાઓ માટે અનામત રાખવામાં આવ્યાં છે. એટલે કે આગામી ચૂંટણીમાં તાલુકાની અડધી ગ્રામ પંચાયતોનું સુકાન મહિલાઓના હાથમાં જવાની સંભાવના ઊભી થઈ છે. રોટેશનની જાહેરાતથી ખાસ કરીને એવા ગામોમાં રાજકીય ચર્ચાઓ તેજ બની છે જ્યાં અગાઉથી સરપંચ પદ માટે અનેક દાવેદારો સક્રિય હતા.

જિલ્લા કલેક્ટર અને રાજ્ય ચૂંટણી આયોગના અધિકારી મનીષ ગુરવાની (IAS) દ્વારા જાહેર કરાયેલા આદેશમાં ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ તથા સંબંધિત રોટેશન નિયમો અને વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરીને આધાર બનાવવામાં આવ્યો છે.

અનામતની શ્રેણી પ્રમાણે જોઈએ તો અનુસૂચિત જાતિ માટે બે બેઠકો નક્કી કરવામાં આવી છે. તેમાં પોસરા મહિલા અનામત જ્યારે બોદાલી સામાન્ય બેઠક રહેશે. અનુસૂચિત જનજાતિ વર્ગ માટે ૧૪ બેઠકો ફાળવવામાં આવી છે, જેમાં સાત બેઠકો મહિલા અનામત અને સાત બેઠકો સામાન્ય રાખવામાં આવી છે.

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે ૧૬ બેઠકોમાંથી આઠ બેઠકો મહિલાઓને ફાળવવામાં આવી છે. જ્યારે સામાન્ય વર્ગની ૩૨ બેઠકો પૈકી ૧૬ બેઠકો મહિલા અનામત જાહેર કરવામાં આવી છે. આમ, તમામ વર્ગોને આવરી લેતી અનામત ફાળવણી સાથે તાલુકામાં મહિલા પ્રતિનિધિત્વનું પ્રમાણ ૫૦ ટકા થયું છે.

રોટેશન જાહેર થતાં જ હવે કયા ગામમાં કોને મેદાનમાં ઉતારવા અને કોના નામ પર સહમતી સાધવી તે અંગે સ્થાનિક સ્તરે ચર્ચાઓ શરૂ થઈ છે. કેટલાક ગામોમાં અગાઉના સંભવિત ઉમેદવારોને બદલે તેમના પરિવારની મહિલા સભ્યોને ચૂંટણી મેદાનમાં ઉતારવાની સ્થિતિ પણ સર્જાઈ શકે છે. આગામી દિવસોમાં ગામેગામ રાજકીય ગતિવિધિઓ વધુ તેજ બને તેવી શક્યતા છે.

ચૂંટણી માટે ૨૦ ડિસેમ્બરની તારીખની ચર્ચા

જલાલપોર તાલુકાની ૬૪ ગ્રામ પંચાયતોની ચૂંટણીને લઈને સ્થાનિક રાજકીય વર્તુળોમાં ૨૦ ડિસેમ્બરની તારીખની ચર્ચા ચાલી રહી છે. જોકે, મતદાનની તારીખ સહિતનો સંપૂર્ણ કાર્યક્રમ ચૂંટણી તંત્ર દ્વારા સત્તાવાર રીતે જાહેર થયા બાદ જ ચિત્ર સ્પષ્ટ થશે.

ડિસેમ્બરથી ચૂંટણીનો માહોલ વધુ ગરમાશે

સંભવિત ચૂંટણી કાર્યક્રમને ધ્યાનમાં રાખીને ૧ ડિસેમ્બરથી આદર્શ આચારસંહિતા લાગુ થવાની પણ અટકળો વ્યક્ત થઈ રહી છે. આચારસંહિતા અમલી બને તો ગ્રામ્ય વિસ્તારોમાં વિકાસકામોની નવી જાહેરાતો સહિતની પ્રવૃત્તિઓ પર ચૂંટણીના નિયમો લાગુ પડશે. હવે અનામત રોટેશન બાદ ઉમેદવારોની પસંદગી અને ગામડાંઓમાં સર્જાનાર રાજકીય સમીકરણો આગામી દિવસોમાં જલાલપોરના રાજકારણનું કેન્દ્રબિંદુ બનશે.



દુધિયા તળાવ પાસે રસ્તો બેસી જતાં આઈસર ટેમ્પો ફસાયો

દિવાળી પહેલાં નાંખેલી પાણીની લાઈનના ખોદકામનું યોગ્ય પુરાણ ન કર્યાની આશંકા

નવસારી : નવસારી શહેરમાં જાહેર સુવિધાઓ માટે હાથ ધરાતાં કામો બાદ રસ્તાઓની સ્થિતિ જાળવવાની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થઈ રહ્યા છે. દુધિયા તળાવ વિસ્તારમાં રસ્તાની જમીન અચાનક બેસી જતાં માલસામાનથી ભરેલો આઈસર ટેમ્પો ફસાઈ જવાની ઘટના બની હતી. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિના અહેવાલ નથી, પરંતુ વાહન ફસાતાં માર્ગ પર અવરજવરમાં મુશ્કેલી સર્જાઈ હતી. સ્થાનિક સ્તરે મળતી વિગતો મુજબ, દિવાળી પહેલાં આ વિસ્તારમાં મહાનગરપાલિકા દ્વારા પાણીની નવી પાઈપલાઈન નાખવા માટે રસ્તો ખોદવામાં આવ્યો હતો. કામ પૂર્ણ થયા બાદ ખોદકામ કરાયેલી જગ્યાનું યોગ્ય રીતે પુરાણ અને મજબૂતીકરણ થયું ન હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. પરિણામે રસ્તાની અંદરની માટી બેસી જતાં ઉપરથી પસાર થતા ભારે વાહનનો ભાર જમીન સહન કરી શકી નહોતી.

આજે માલસામાન ભરીને પસાર થઈ રહેલો આઈસર ટેમ્પો અચાનક રસ્તામાં ખૂંપી જતાં વાહનચાલક મુશ્કેલીમાં મુકાયો હતો. રસ્તાની વચ્ચે ભારે વાહન ફસાઈ જવાથી અન્ય વાહનોની અવરજવર પણ પ્રભાવિત થઈ હતી. ઘટનાની જાણ થતાં આસપાસના લોકો એકત્ર થયા હતા.

વિકાસકામો થાય છે, પરંતુ ગુણવત્તાની જવાબદારી કોણ લેશે?

આ બનાવે મહાનગરપાલિકાના સંબંધિત વિભાગની કામગીરીની દેખરેખ સામે પ્રશ્નો ઊભા કર્યા છે. પાઈપલાઈન નાખ્યા બાદ ખોદકામ કરેલી જગ્યાનું યોગ્ય પુરાણ કરવામાં આવ્યું હતું કે નહીં? કામગીરી પૂર્ણ થયા બાદ તેની ગુણવત્તાની તપાસ કોણે કરી હતી? ભારે વાહનોની અવરજવર માટે રસ્તો સુરક્ષિત હતો કે નહીં? આવા સવાલો હવે ચર્ચાનો વિષય બન્યા છે. શહેરમાં વિવિધ વિકાસકામો માટે રસ્તાઓ ખોદવામાં આવે તે સ્વાભાવિક છે, પરંતુ કામ પૂર્ણ થયા બાદ રસ્તાને મૂળ સ્થિતિમાં લાવવો અને વાહનચાલકોની સલામતી સુનિશ્ચિત કરવી પણ એટલી જ જરૂરી છે. દુધિયા તળાવની આ ઘટનાને પગલે મનપા તંત્ર તાત્કાલિક સ્થળનું નિરીક્ષણ કરી રસ્તાનું સમારકામ કરાવે અને પાણીની લાઈન નાખનાર એજન્સીની કામગીરીની તપાસ કરે તેવી માંગ ઊઠી છે. હવે જોવાનું એ રહેશે કે આ ઘટનાને માત્ર રસ્તાના સમારકામ પૂરતી મર્યાદિત રાખવામાં આવે છે કે જવાબદારી નક્કી કરીને ભવિષ્યમાં આવી સ્થિતિનું પુનરાવર્તન અટકાવવા નક્કર પગલાં લેવાય છે.

મોટાબજારમાં રિક્ષા ગેંગે વૃદ્ધાના ૧.૪૫ લાખ સેરવી લીધા

સીસીટીવી તપાસમાં રિક્ષાની મુસાફરી દરમિયાન બંગડી ગુમ થયાનું સામે આવ્યું

નવસારી : નવસારીના મોટા બજાર વિસ્તારમાં ખરીદી કરવા નીકળેલી ૭૬ વર્ષીય વૃદ્ધા ગઠિયાઓની ચાલાકીનો ભોગ બની છે. રીક્ષામાં મુસાફરી દરમિયાન થયેલી ધક્કામુક્કીનો લાભ ઉઠાવી અજાણ્યા શખ્સોએ વૃદ્ધાના હાથમાંથી સોનાની બંગડી ચોરી લીધી હતી. ઘરે પહોંચ્યા બાદ દાગીનો ગાયબ હોવાનું ધ્યાનમાં આવતાં સમગ્ર ઘટનાનો ખુલાસો થયો હતો. આ મામલે પોલીસે રીક્ષા ચાલક સહિત ચાર અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. છાપરા રોડ વિસ્તારની સોસાયટીમાં એકલાં રહેતાં ચંદ્રકલાબેન દેસાઈ ૧૮ નવેમ્બરના રોજ બપોરે ખરીદી માટે મોટા બજારમાં ગયાં હતાં. બપોરે આશરે ૧૨:૧૫ વાગ્યે સિલ્વર જ્વેલર્સ નજીકથી પસાર થતાં કાળા-પીળા રંગની રીક્ષાના ચાલકે તેમને આગળના સ્થળે ઉતારી મૂકવાની વાત કરી રીક્ષામાં બેસાડ્યાં હતાં. જોકે, રીક્ષામાં પાછળ અગાઉથી જ ત્રણ અજાણ્યા વ્યક્તિઓ બેઠેલા હતા. વૃદ્ધા રીક્ષામાં બેઠાં બાદ પાછળના શખ્સોએ તેમની સાથે ધક્કામુક્કી શરૂ કરી હતી. થોડીવારમાં વર્ધમાન સ્ટીલની દુકાન નજીક તેમને ઉતારી દેવામાં આવ્યાં હતાં. આ સમગ્ર ઘટનામાં ગઠિયાઓએ એવી રીતે હાથફેરો કર્યો કે વૃદ્ધાને તત્કાળ તેની જાણ પણ થઈ નહોતી.

ત્યારબાદ ચંદ્રકલાબેન સેન્ટ્રલ બેંક પાસે આવેલી પ્રિયા એજન્સીમાં ખરીદી કરવા ગયાં હતાં અને ત્યાંથી બીજી રીક્ષા પકડી ઘરે પહોંચ્યાં હતાં. સાંજે ઊંઘમાંથી જાગ્યા બાદ જમણા હાથમાં પહેરેલી બે સોનાની બંગડીઓમાંથી એક બંગડી ગાયબ હોવાનું જણાતાં તેઓ ચોંકી ઊઠ્યાં હતાં. ગુમ થયેલી બંગડી આશરે દોઢ તોલા વજનની અને રૂ. ૧.૪૫ લાખની કિંમતની હોવાનું જાણવા મળ્યું હતું.

બંગડીની શોધખોળ દરમિયાન આસપાસની દુકાનોના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસવામાં આવ્યાં હતાં. સિલ્વર જ્વેલર્સ પાસેથી પસાર થતી વખતે ચંદ્રકલાબેનના હાથમાં બંને બંગડીઓ દેખાતી હતી, જ્યારે પ્રિયા એજન્સી સુધી પહોંચ્યા બાદના ફૂટેજમાં એક જ બંગડી જોવા મળી હતી. પરિણામે રીક્ષામાં થયેલી ધક્કામુક્કી દરમિયાન જ બંગડી ચોરી થઈ હોવાની આશંકા સામે આવી હતી.

ચીખલીમાં પાડોશી શખ્સે સગીરાને ગંદો વિડીયો બતાવ્યો

વિરોધ કરનારા પિતાને માર મારતાં ચાર શખ્સો સામે પોલીસ ફરિયાદ

ચેજ: ચીખલી તાલુકાના એક ગામમાં રહેતી સગીરાને મહોલ્લાના જ એક શખ્સે ઘરે બોલાવી મોબાઈલમાં અશ્લીલ વિડીયો બતાવી અડપલાં કર્યા હોવાની ચકચારી ઘટના સામે આવી છે. ચીખલી તાલુકાના એક ગામમાં રહેતી સગીરા પોતાના ભાઈ સાથે ઘરની બહાર રમી રહી હતી. દરમિયાન તે જ મહોલ્લામાં રહેતા એક નરાધમ શખ્સે બંને ભાઈ-બહેનને પોતાના ઘરે બોલાવ્યાં હતાં. બાદ તેણે સગીરાના ભાઈને પૈસા આપી બહારથી ચીજવસ્તુ લેવા મોકલી દીધો હતો. ભાઈની ગેરહાજરીનો લાભ ઉઠાવી શખ્સે સગીરાનો હાથ પકડી નજીક બોલાવી મોબાઈલ ફોનમાં ગંદા વિડીયો બતાવવાનું શરૂ કર્યું હતું. ગભરાયેલી સગીરાએ પોતાની આંખો પર હાથ મૂકી દેતાં આરોપીએ બળજબરીથી હાથ ખસેડી અડપલાં કર્યાં હતાં અને ભાગવા જતી સગીરાને પકડી રાખી હતી.

એટલામાં તેનો ભાઈ પરત આવી જતાં બંને ભાઈ-બહેન રડતાં રડતાં ઘરે પહોંચ્યાં હતાં અને પરિવારજનોને સમગ્ર આપવીતી જણાવી હતી. જેથી સગીરાના માતા-પિતા સહિતના લોકો આરોપીના ઘરે ઠપકો આપવા જતાં આરોપી અને તેના ત્રણ ભાઈઓ ઉશ્કેરાઈ ગયા હતા.

ચારેય શખ્સોએ સગીરાના પિતા અને અન્ય એક વ્યક્તિને લાકડાના ફટકા તથા ઢીકામુક્કીનો માર મારી પોલીસ ફરિયાદ કરશે તો જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ અંગે સગીરાની માતાએ ફરિયાદ નોંધાવતાં ઈનચાર્જ પીઆઈ એ.એસ. સરવૈયાએ વધુ તપાસ હાથ ધરી છે.



કબીલપોરમાં તંત્રની બેદરકારીને કારણે વાછરડાનું કરુણ મોત

રસ્તા પર ખોદકામ બાદ માટીનું પુરાણ નહીં કરાતાં દુર્ઘટના બની


૧૯૬૨ની કરુણા સેવા સામે પણ સવાલો, જવાબદારો સામે કાર્યવાહીની માંગ

નવસારી : વિકાસકામના નામે જાહેર રસ્તાઓ પર કરવામાં આવતું ખોદકામ જો યોગ્ય વ્યવસ્થાપન વિના છોડી દેવામાં આવે તો તેના ગંભીર પરિણામો આવી શકે છે. કબીલપોર વિસ્તારમાં સુઝુકી શોરૂમની સામે બનેલી એક ઘટનાએ આ બેદરકારીની ગંભીરતા છતી કરી છે. રસ્તા પર ખોદકામ કર્યા બાદ માટીનું યોગ્ય લેવલિંગ ન કરાતાં એક વાછરડાનો પગ તેમાં ફસાઈ ગયો હતો. વાછરડું નીચે પટકાતાં ઈજાગ્રસ્ત બન્યું હતું અને સમયસર સારવાર ન મળવાના આક્ષેપો વચ્ચે આખરે તેનું મોત થયું હતું. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, ઘટનાની જાણ થતાં જાગૃત નાગરિકોએ પશુની મદદ માટે ૧૯૬૨ કરુણા એમ્બ્યુલન્સને જાણ કરી હતી. પરંતુ લાંબા સમય સુધી મદદ ન પહોંચતાં વાછરડાને સારવાર માટે રાહ જોવી પડી હતી. અંદાજે બે-ત્રણ કલાક બાદ વાછરડાનું મોત થતાં આસપાસના લોકોમાં ભારે દુઃખ અને આક્રોશ ફેલાયો હતો. આ ઘટનાએ નવસારી મહાનગરપાલિકાની કામગીરીની સાથે પશુ સારવાર માટેની ઈમરજન્સી સેવાની વ્યવસ્થા પણ ચર્ચામાં લાવી છે. નાગરિકોનો આક્ષેપ છે કે સમગ્ર મનપા વિસ્તારમાં માત્ર એક જ કરુણા એમ્બ્યુલન્સ (GJ-18-GB-0926) કાર્યરત છે. પાયલોટ અને ડોક્ટર સહિત મર્યાદિત સ્ટાફના સહારે ચાલતી આ સેવા કટોકટીના સમયે કેટલી અસરકારક રીતે પહોંચે છે તે અંગે સવાલો ઊભા થયા છે. એમ્બ્યુલન્સ પહોંચ્યા બાદ પણ વિવાદ શમ્યો નહોતો. ઘટનાસ્થળે પહોંચેલા જયેશ નામના ડોક્ટર પાસે યુનિફોર્મ, ઓળખપત્ર અને પશુની તપાસ માટે જરૂરી સાધનો ન હોવાનો સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે. મૃત વાછરડાની તપાસ કરવામાં પૂરતી ગંભીરતા દાખવવામાં ન આવી હોવાની તેમજ ફરિયાદ કરનારા નાગરિકો સાથે અયોગ્ય વર્તન કરાયાની પણ રજૂઆત કરવામાં આવી છે.

એક વાછરડાના મોતે અનેક સવાલો ઊભા કર્યા

જાહેર રસ્તા પર ખોદકામ કર્યા બાદ સ્થળને સુરક્ષિત બનાવવાની જવાબદારી કોની? કામ પૂર્ણ થયા પછી યોગ્ય પુરાણ અને લેવલિંગની ચકાસણી કોણ કરે છે? પશુની ઇમરજન્સી માટે ફોન કરવામાં આવે ત્યારે સમયસર મદદ કેમ ઉપલબ્ધ થતી નથી? કબીલપોરની ઘટનાએ આવા અનેક પ્રશ્નો સામે લાવ્યા છે. સ્થાનિક નાગરિકોએ મનપાના સંબંધિત વિભાગ દ્વારા ઘટનાસ્થળની તપાસ કરાવી ખોદકામ કરનાર કોન્ટ્રાક્ટર કે જવાબદાર એજન્સીની જવાબદારી નક્કી કરવાની માંગ કરી છે. સાથે જ ૧૯૬૨ કરુણા એમ્બ્યુલન્સની કામગીરી, સ્ટાફની ઉપલબ્ધતા અને સેવા આપવામાં થયેલા વિલંબની તપાસ કરી જરૂરી સુધારા કરવાની માગણી પણ ઉઠી છે. વિકાસકામની પ્રક્રિયામાં રસ્તાની સલામતી અને અબોલ પશુઓની સુરક્ષા પણ એટલી જ મહત્ત્વની છે. કબીલપોરની ઘટનામાં જવાબદારો સામે શું કાર્યવાહી થાય છે અને ભવિષ્યમાં આવી દુર્ઘટના અટકાવવા તંત્ર શું પગલાં ભરે છે તેના પર હવે સૌની નજર છે.

કેસલીમાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટના ૩.14 લાખના વાયરની ચોરી



અલગ અલગ ૧૧ ડ્રમમાંથી કોપર કેબલ ચોરાતાં પોલીસ ફરિયાદ

બીલીમોરાઃ નવસારી જિલ્લાના કેસલી ખાતે બુલેટ ટ્રેન સ્ટેશનના નિર્માણ કાર્ય દરમિયાન ઉપયોગમાં લેવાતા કોપર કેબલની મોટા પાયે ચોરી થયાની ઘટના સામે આવી છે. અજાણ્યા તસ્કરોએ અલગ અલગ જગ્યાએ રાખેલા ૧૧ ડ્રમમાંથી આશરે ૫ હજાર મીટર કોપર કેબલની ચોરી કરી હતી. ચોરી થયેલા કેબલની કિંમત અંદાજે રૂ.૧૪ લાખ થતી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

વિજલપોરની ધીકુભાઈની વાડી વિસ્તારમાં રહેતા મહેશભાઈ જગદીશભાઈ પટેલ (ઉ.વ.૨૩)એ આ અંગે ફરિયાદ નોંધાવી છે. તેઓ છેલ્લાં પાંચ વર્ષથી Larsen | Toubro (L|T) કંપનીમાં IR એડમિન તરીકે નોકરી કરે છે. ગત તા.૧૬ નવેમ્બરે સવારે તેઓ સાઈટ પર પહોંચ્યા ત્યારે કંપનીના સિક્યુરિટી ફિલ્ડ ઓફિસર સાગરભાઈએ જાણ કરી હતી કે રાત્રિના ૧થી ૨ વાગ્યાના અરસામાં અજાણ્યો ઈસમ કોપર કેબલની ચોરી કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો. જેની તપાસ દરમિયાન સ્ટેશનની પાછળ આવેલી ચીકુની વાડીમાં અલગ અલગ જગ્યાએ કુલ ૧૧ ખાલી ડ્રમ મળી આવ્યાં હતાં. તપાસમાં આશરે ૫ હજાર મીટર કોપર કેબલની ચોરી થઈ હોવાનું જણાયું હતું.

જાહેર નિવિદા

નં.૦૨ સને ૨૦૨૬-૨૭

ગુજરાત રાજ્ય જાહેર બાંધકામ ખાતાના યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ બારડોલી તાલુકાની સ્થાનિક સહકારી મંડળીઓ, બેકાર ઈજનેર તથા જાહેર બાંધકામ ખાતા દ્વારા માન્યતા પ્રાપ્ત નોંધાયેલ ઈજારદારો પાસેથી બારડોલી તાલુકાના વિકાસના કામો માટે ભાવો મંગાવવામાં આવે છે.

અ. નં.	કામો રાખવા ઈચ્છતી એજન્સી	મુદત	માંગણી માટેની જરૂરી વિગતો
૧	સ્થાનિક સહકારી મંડળીઓ	જાહેર નિવિદા પ્રસિધ્ધ થયેથી પહેલા બે દિવસ	૧. માંગણી પત્રક ૨. રજીસ્ટ્રેશનની નકલ ૩. સોલ્વન્સી સર્ટીફીકેટ ૪. ઈન્કમટેક્ષ કલીયરન્સ સર્ટીફીકેટ
૨	બેકાર ઈજનેર તથા જાહેર બાંધકામ ખાતા દ્વારા માન્યતા પ્રાપ્ત નોંધાયેલ ઈજારદારો	જાહેર નિવિદા પ્રસિધ્ધ થયેથી ત્રીજા દિવસે	૧. માંગણી પત્રક ૨. રજીસ્ટ્રેશનની નકલ ૩. સોલ્વન્સી સર્ટીફીકેટ ૪. ઈન્કમટેક્ષ કલીયરન્સ સર્ટીફીકેટ

ટી.એસ.પી.યોજના ૨૦૨૪-૨૫ અને ૨૦૨૫-૨૬ અંતર્ગત સિંચાઈ માટેના કામો ક્રમ નં.(૨)માં દર્શાવેલ એજન્સીઓને કોરા ટેન્ડર આપવાની મુદત હરોળમાં ક્યેરી સમય દરમ્યાન ટેન્ડર ફી ની રકમ પી.એલ.એ.ટુ ટી.ડી.ઓ.બારડોલી સદરે જમા કરાવી અસલ ચલન રજુ કરી બાંધકામ શાખામાંથી મેળવી શકાશે.ટેન્ડરો સ્પીડ પોસ્ટથી જાહેર નિવિદા પ્રસિધ્ધ થયેથી દિન-૦૬ સુધીમાં ક્યેરી સમય દરમ્યાન મળે તે રીતે મોકલવાના રહેશે.તારીખ મર્યાદા પછી આવેલ ટેન્ડરો માન્ય રાખવામાં આવશે નહિ.શરતો તથા કામોની ચાદી બાંધકામ શાખા તા.પં.બારડોલીમાં જોવા મળશે.ટેન્ડર મંજુર/નામંજુર કરવાનો અધિકાર નીચે સહી કરનાર અધિકારીશ્રીને રહેશે.ટેન્ડરો જાહેર નિવિદા પ્રસિધ્ધ થયેથી ૭ માં દિવસ ના રોજ ૧૪:૦૦ કલાકે હાજર રહેલ એજન્સી રૂબરૂ ખોલવામાં આવશે.

કમાંક.માહિતી-સુરત/૯૧૩/૨૦૨૬

તાલુકા વિકાસ અધિકારી બારડોલી.જિ.સુરત

પંજાબ નૈશનલ બેંક punjab national bank

...ભરોસે का प्रतीक ! ...the name you can BANK upon !

નવસારી ગણદેવી રોડ શાખા(૧૫૬૨૦) : ગ્રાઉન્ડ ફ્લોર હેરીટેજ એપાર્ટમેન્ટ,ગણદેવી રોડ, નવસારી. ફોન : ૦૨૬૩૭ ૨૩૩૧૨૭, email: ID:bo156620@pnb.bank.in

કબજા નોટીસ (સ્થાવી મિલકત માટે)

આથી નીચે સહી કરનાર **પંજાબ નેશનલ બેંક, નવસારી ગણદેવી રોડ શાખા,** અધિકૃત અધિકારીએ સિકયોરિટાઈઝેશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરિટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ (૫૪ ના ૨૦૦૨)અને આ ધારા ૧૩(૧૨) સિકયોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ)૨૦૦૨ ના રુલ્સ ૩ સાથે વંચાણે લઈ તેમની મળેલ સત્તા હેઠળ **તા.૧૦.૦૮.૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવી ને **શ્રી રામચંદ્રા આર યાદવ(દેવાદાર) અને શ્રીમતી દુર્ગાબિન રામચંદ્રા યાદવ (સહ-દેવાદાર)** ને નોટીસમાં દર્શાવેલ રકમ **રૂા.૩,૧૧,૩૯૧.૦૦/- (અંકે રૂા. ત્રણ લાખ અગીયાર હજાર ત્રણસો એકાણુ પૈસા)** ૩૦/૦૭/૨૦૨૬ ના રોજ વ્યાજ સાથે આ નોટીસ મળ્યાના ૬૦ દિવસની અંદર પરત ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

દેવાદાર/ગીરવેદાર/જામીનદાર આ રકમ ચુકવવામાં અસફળ રહેલ છે. આથી દેવાદાર/જામીનદાર અને જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે આ ધારા ૧૩ ની પેટા કલમ (૪) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રુલ્સ ૨૦૦૨ રુલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૧૮ નવેમ્બર ૨૦૨૬** ના રોજ આ મિલકતનો કબજો મેળવેલ છે.

આથી વિગતમાં દર્શાવેલ દેવાદાર/ગીરવેદાર/જામીનદાર અને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે મિલકતો માટે કોઈ પણ વ્યવહાર કરવો નહિં અને જો કોઈપણ વ્યવહાર કરવો હોય તો **પંજાબ નેશનલ બેંક નવસારી ગણદેવી રોડ શાખા,** ની બાકી રકમ **રૂા.૩,૧૦,૭૭૫.૦૦/- (અંકે રૂા. ત્રણ લાખ દસ હજાર સાતસો પંચોતેર પૂરા)** ૩૦/૧૦/૨૦૨૬ ના રોજના તેના ઉપરના વ્યાજ અન્ય અન્ય ચાર્જીસ ને આધિન રહેશે.

એનપીએ બાદ વસુલાત–રૂા.૧૪,૦૦૦/–

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાવી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે મોજે ગામ સરીબુજરંગ તાલુકા ગણદેવી, જિલ્લા નવસારી શીટ નં. ૧૧ સી એસ નં.૬૭૮ ટોટલ જમીન એરીયા માપ ૯૬.૫૭ ચો.મી જેનાથી ૯૦.૦૦ ચો.મી જમીન પર આવેલ બિલ્ડીંગ નું બાંધકામ ગ્રામ પંચાયત ઘર નં. ૧૦૪૯ બીજો માળ દાદર થી પશ્ચિમ ભાગ અને એપાર્ટમેન્ટ તા પશ્ચિમ ભાગે સુગમ એપાર્ટમેન્ટ માં માપ ૫૭.૦૦ ચો.મી શ્રી રમેશચંદ્ર રામઆધાર યાદવ ના નામે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફઃ** અંબામા નવસારી રોડ, **પશ્ચિમ તરફઃ** સર્વે નં.૬૭૮ પૈકી ખુલ્લી જમીન, **ઉત્તર તરફઃ** મોહનલાલ રંગનાથજી ની મિલકત, **દક્ષિણ તરફઃ** સી.એસ નં. ૨૨૩૬ ની મિલકત આવેલ છે.

તારીખ : ૧૮.૧૧.૨૦૨૬ । સ્થળ : સુરત **અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક**

બેંક ઑફ બરોડા Bank of Baroda

સુરત શહેર ક્ષેત્ર-૨, બરોડા સન કોમ્પલેક્ષ, ઘોડ દોડ રોડ, સુરત-૩૯૫૦૦૭ ફોન :+ ૯૧ ૮૬૮૨૬૭૭૭૫૯, ૭૮૧૪૩૪૬૩૧૭

ઈ-હરાજી વેચાણ નોટીસ

હરાજીની તા.૨૩/૧૨/૨૦૨૬,સમય :બપોરે ૨:૦૦ થી સાંજે ૬:૦૦, નિરિક્ષણ તા.૨૧/૧૨/૨૦૨૬ અને ૨૨/૧૨/૨૦૨૬

સિકયુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ ઈન્ફોસમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ સહિત વંચાણે લેતા સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રુલ્સ, ૨૦૦૨ ના નિયમ ૬ (૨) અને ૮ (૬)ની શરતો હેઠળ સ્થાવર અસ્કયામતોના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ નોટીસ

સિકયુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ ઈન્ફોસમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ (હવે પછી અહીં 'એકટ' તરીકે ઉલ્લેખ થશે) હેઠળ સ્થાવર / ચલિત અસ્કયામતોનું વેચાણ. આથી આ નોટીસ જાહેર જનતાને તથા વિશેષરૂપે દેવાદાર(રો) અને જામીનદાર(રો) અને ગીરવેદાર(રો) ને આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકતો સિકયુર્ડ કેડિટર પાસે ગીરવે મુકાયેલ/ચાર્જમાં રહેલ જેનો કબજો બેંક ઓફ બરોડાના અધિકૃત અધિકારી, સિકયુર્ડ કેડિટર દ્વારા લેવાયેલ છે. તે નીચે દર્શાવેલ ખાતા/ઓની વસુલી માટે "જે છે ત્યાં છે", "જે છે તે છે" અને "જેમ છે તેમ છે" ના આધારે વેચવામાં આવશે. જે અંગેનાં દેવાદાર/ઓ/ગીરવેદાર/જામીનદાર/ઓ, સુરક્ષિત કરેલ મિલકતો બાકી રકમ, અનામત કિંમત, ઈ-હરાજી તારીખ અને સમય, ઈએમડી અને બોલી વધારીની રકમ નીચે દર્શાવેલ છે.

અ. નં.	શાખા દેવાદારનું નામ અને ડિમાન્ડ નોટીસની તારીખ	મિલકતનાં માલિક	મિલકતનું વર્ણન	મિલકતનો પ્રકાર (રેહાઉસ/ફ્લેટ/રહે. પ્લોટ/ઔદ્યોગિક પ્લોટ/ ઔદ્યોગિક બિલ્ડીંગ) કબજાનો પ્રકાર પ્રત્યક્ષ/સાંકેતિક	બાકી લેણા (રૂા. લાખમાં) તા.૧૪.૧૧.૨૦૨૬ મુધીના વ્યાજ સહિત (જો કોઈ રીકવરી થઈ હોય તો તે બાદ કરતા)	૧) અનામત કિંમત (વાસ્તવિક) ૨) અનેસ્ટ મની ડીપોઝીટ (ઈએમડી) ૩) બીડ વધારાની રકમ	સંપર્ક અધિકારીનું નામ અને નંબર
૧	**એમએસએમઈ** **૧. મેસર્સ પાર્વતી સારીઝ (માલિક શ્રી ગાબાની સંકેત ભીખાભાઈ) ૨. મેસર્સ તુષા ફેશન (માલિક શ્રી ગાબાની વસંતબેન ભીખાભાઈ ઉર્ફે શ્રીમતી વસંતબેન ભીખાભાઈ ગાબાની) તા. ૦૯.૦૯.૨૦૨૫**	૧. શ્રી ભીખાભાઈ મોહનભાઈ ગાબાની ૨. શ્રી ગાબાની વસંતબેન ભીખાભાઈ ઉર્ફે શ્રીમતી વસંતબેન ભીખાભા